ગાંધીનગર ભાસ્કર, તા. ૨૨.૦૫.૨૦૨૪, પાના નં. ૦૨

### લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ આચારસંહિતા સંપૂર્ણ દૂર થયા પછી ઉદઘાટન થશે

# મોટેરાથી ચ-2 સુધીના રૂટમાં મુસાફરો માટે મેટ્રો રેલની સેવા આગામી જૂનમાં શરૂ કરવામાં આવશે

ભાસ્કરન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન દોડતી થવા આડેના દિવસો હવે આંગળીના વેઢે ગણાય તેટલા જ બાકી રહ્યા છે. મોટેરાથી ચ-2 અને ગિફ્ટ સિટી સુધીના રૂટ પર મેટ્રો રેલનું કોમર્શિયલ ધોરણે સંચાલન આગામી જૂન મહિનામાં શરૂ કરી દેવામાં આવશે. આ બંને રૂટ પરના ટ્રેકની ટ્રાયલ અને અન્ય તમામ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. કેટલાક સ્ટેશનોનું થોડું ઘણું કામ બાકી છે તે પંદરેક દિવસમાં પુરું કરી દેવામાં આવશે.



અમદાવાદ મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડીયમથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધીના 28 કિલોમીટરના રૂટમાં મેટ્રો સ્ટેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર રૂટ પર કુલ 22 સ્ટેશનો રહેશે. પ્રથમ તબક્કે નરેન્દ્ર મોદી સ્ટેડીયમથી સેક્ટર-1 (ચ-2) સ્ટેશન તથા જીએનએલયુથી ગિફ્ટિસિટી લિંક સુધીના રૂટની કામગીરી પુરી કરી દેવામાં આવી છે. આથી આ રૂટ પર મેટ્રો ટ્રેન જૂનમાં પેસેન્જર સાથે દોડાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

આ બંને રૂટ પર મેટ્રો રેલનો ટ્રેક સંપૂર્ણ તૈયાર થઈ ગયો છે. જ્યારે સ્ટેશનોની કેટલીક કામગીરી બાકી છે જે પુરી કરવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે.

માર્ચ મહિનામાં વિવિધ સ્ટ્રેચમાં આ રૂટ પર ટ્રાયલ રન શરૂ કરવામાં આવ્યો હતો. તે પછી બંને રૂટનો ફુલ ટ્રાયલ રન પણ પુરો કરી દેવામાં આવ્યો છે. સ્ટેશનની કામગીરી પણ આગામી 15 દિવસમાં પુરી થઈ જવાની શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. દરમિયાનમાં 4 જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા બાદ આચારસંહિતા પણ સંપૂર્ણપણે ઉઠી જશે તે પછી જૂનના ત્રીજા સપ્તાહમાં વિધિવત લોકાર્પણ કરીને મેટ્રો રેલને લોકોની અવરજવર માટે શરૂ કરવામાં આવશે.

## મહાત્મા મંદિર સુધીનો મેટ્રો રેલનો રૂટ ડિસેમ્બર માસમાં શરૂ થઇ જશે

મેટ્રો રેલને ગાંધીનગરના અંતિમ પડાવ મહાત્મા મંદિર સુધી દોડાવવામાં આવનાર છે. આ માટે ચ-2થી ચ-3થી છ-3, પોલીસ ભવન, અક્ષરધામ અને રોડ નં. 5થી ખ-5 થઈને મહાત્મા મંદિર સુધીના રૂટમાં હાલ ટ્રેક તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. મોટાભાગના રૂટ પર યુગડર મૂકવાની કામગીરી પૂર્ણતાના આરે છે. તે પછી ટ્રેક્શન અને ઈલેક્ટ્રીફિકેશન સહિતની કામગીરી અને સ્ટેશનો તૈયાર કરવાની કામગીરી હાથ ધરાશે. આ તમામ કામ પુર્ણ કરીને ડિસેમ્બરમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલ પહોંચે તેવો લક્ષ્યાંક રખાયો છે. 4 જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા બાદ આચારસંહિતા પણ સંપૂર્ણપણે ઉઠી જશે તે પછી જૂનના ત્રીજા સપ્તાહમાં વિધિવત લોકાર્પણ કરીને મેટ્રો રેલને લોકોની અવરજવર માટે શરૂ કરવામાં આવશે.